॥ तस्य वाचकः प्रणवः ॥

# ઋતમ્ભરા

## આત્મનો હિતાય જગતઃ સુખાય



પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી

વર્ષ - ૩૮ (ઓક્ટોબર, નવેમ્બર, ડિસેમ્બર) માનદ્ તંત્રી : મિનિષ પટેલ

VOL - 38, 2022-23 ISSUE-II Published on Every 3 Months

‘યોગ’ ભિક્ષા લાવીઓ, ‘ભિક્ષુ’ બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

॥ ॐ ॥
॥ तस्य वाचकः प्रणवः ॥

# -: શ્રી ગુરુદેવ શુભેચ્છા વર્ષ - ૨૦૨૨-૨૩ :-

## પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજના ૯૫મા વર્ષ દરમ્યાન નિર્ધારિલ બહુજન હિતાય-સુખાયના કાર્યક્રમોની સૂચી

૧. મહિનાના દર ગુરુવારે સવારે ૭.૦૦ વાગે અથવા રાત્રે ૯-૦૦ વાગે અનુકુળતા પ્રમાણે દરેક કુંટુંબદીઠ સ્વાધ્યાય કરવા. મહિનામાં એક વાર ઝૂમ પર સ્વાધ્યાય કરવો જેથી પરદેશના અને દેશના સર્વે એક સાથે લાભ લઇ શકે.
૨. ‘ઋતમ્ભરા’ પત્રિકાના વર્ષ દરમ્યાન ૯૫ (પંચાણુ) આજીવન સભ્યો બનાવવા.
૩. વર્ષ દરમ્યાન કુલ ૯૫ લાખ સંકચમોચન મંત્ર કરવા.
૪. સોશીયલ મિડિયાનું પ્લેટફોર્મ તૈયાર કરવું.
૫. જુદી જુદી સોસાયટીઓના કોમન રૂમ (બેઠકરૂમ) લાયબ્રેરીમાં પુસ્તકો મુકવા.
૬. બહારગામના કાર્યક્રમોમાં નદાણ, ખંડેરાવપુરા, હળવદ વિગેરે સ્થળોને પ્રાથમિકતા આપવી.
૭. જાહેર બગીચાઓમાં પ્રભાતફેરીનું આયોજન કરવું.
૮. ઋતમ્ભરા અને આપણા સાહિત્ય દ્વારા સ્કુલોમાં પ્રચાર કરવો.
૯. ઘરડાઘર, અનાથ આશ્રમ જેવાં સ્થળોએ અન્નદાન કરવું. (ભોજન વિગેરે)
૧૦. ડાબડા ઉજવણીનું આયોજન કરવું.
૧૧. કાર્યક્રમોમાં આવતા બંધ થઇ ગયેલા ગુરુભાઇ બહેનોના ઘરે જઇ મંતવ્યો જાણવા તેમને સમજવા પ્રયત્ન કરવો.
૧૨. બાળકોમાં સુસંસ્કાર માટે બાળશિબિરનું આયોજન કરવું.
૧૩. જુવાન તથા બાળકોમાં સંસ્કાર સિંચન થાય તેવા આયોજન કરવા. સીનીયર સીટીઝનોના અનુભવ અને જ્ઞાનનો ઉપયોગ કરવો.
૧૪. કાર્યક્રમોની કમાન નવજુવાન અને બાળકોને સોંપવી.

## ● ઓમ્ પરિવારના ઉત્સવો ●

| કયા પ્રસંગ નિમિત્તે | સ્થળ | ઊજવવાની તારીખ |
|---|---|---|
| ઓમ્ ગુરુદેવ જયંતી | કામનાથ મહાદેવ હૉલ<br>લૉયેલા (સેંટ ઝેવિયર્સ) સ્કૂલ સામે,<br>સેંટ ઝેવિયર્સ સ્કૂલ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૯ | ૨૦-૧૦-૨૦૨૨, ગુરૂવાર<br>૪-૩૦ થી ૮ |
| બેસતુ વર્ષ | સુમન સજની હોલ<br>સોમેશ્વર મહાદેવ પાસે, હિરાભાઈ ટાવર પાસે,<br>ભાડવાતનગર, મણીનગર, અમદાવાદ-૮ | ૨૬-૧૦-૨૦૨૨<br>બુધવાર<br>સવારે ૭ થી ૮ |
| ઓમ્ ગુરુદેવ જયંતી | કોમન પ્લૉટ, પટેલ સોસયટી, રમૂજીલાલ હોલની સામે,<br>જવાહર ચોક, મણીનગર, અમદાવાદ-૮. | ૨૭-૧૧-૨૦૨૨, રવિવાર<br>સવારે ૧૦ થી ૨ |
| શ્રી ગાયત્રીઅનુષ્ઠાન<br>સાધનાશિબિર<br>નિમિત્તે | ‘નિર્વિકલ્પ મુક્તિધામ’<br>નાથાભાઈ એ. પટેલના ખેતરમાં,<br>મુ. પલિયડ (વેડા),<br>તા. કલોલ, જિ. ગાંધીનગર | ૨૫-૧૨-૨૦૨૨<br>રવિવાર<br>સવારે ૧૦ થી ૨ |

॥ ૐ ॥

॥ तस्य वाचकः प्रणवः ॥

# રુતમ્ભરા (ઋતમ્ભરા) એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું
# બહુજનહિતાય-બહુજનસુખાય

## શ્રી ગુરુદેવ શુભેચ્છા વર્ષ

**- સ.સ. ભિક્ષુજી**

સમાજમાં સત્સંગ કરવાવાળા ઘણા બધા સાધુ-સંતો છે. પણ સમાજમાં સાચી સમજણ નિરુપણ કરવા વાળા બહુ જૂજ અથવા નહીવત સંતો છે. જે પોતાના ભક્ત સમુદાયમાં સાચી સમજણ કેળવવાની રીત બતાવતા હોય, તેની અગત્યતા સમજાવતા હોય. આપણા ગુરુદેવ પૂ. યોગભિક્ષુજી આવી વાતો સત્સંગમાં કે પોતાના આશિર્વચનમાં સમજાવતા હોય છે. જો આપણામાં સાચી સમજણ કેળવાય તો મોક્ષ માટેના પ્રયત્નો સરળ થઈ જાય.

પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજીનું આસો વદ-દસમ અને તા. ૨૦-૧૦-૨૨મીએ ચોરાણું વર્ષ પુરા કરી પંચાણુંમાં વર્ષમાં પ્રવેશ કરે છે. પૂ. ગુરુદેવ આપણને સન્માર્ગ લઈ જવા તથા સાચી સમજણ કેળવાય તે હેતુથી પોતાના નરમ-ગરમ રહેતા શરીરે પણ આપણા માટે તેઓ પરિશ્રમ કરતા રહે છે. આવું ગુરુઋણ તો આપણે ચુકવી શકવાના નથી પણ ફૂલ નહીં તો ફૂલની પાંખડી સમાન, બધા ગુરુભક્તોએ તન, મન, ધનથી પૂ.શ્રીનું પંચાણુમું આખુ વર્ષ શુભેચ્છા વર્ષ તરીકે ઉજવવાનું નિર્ધારિલ છે પૂ.શ્રી તો બહુજન હિતાય બહુજન સુખાય (બહુજન હિતાય-સુખાય)નું રાત-દિવસ પોતાની નરમ-ગરમ તબિયતની દરકાર કર્યા વગર કામ કર્યે જ જાય છે.

આમ તો ઓમ્ પરિવાર પૂ. ગુરુદેવનો જન્મદિવસ આસો વદ-દસમને 'ઓમ્ ગુરુદેવ જયંતી' તરીકે ઉજવે છે તો આ આખુ વર્ષ આપણે બહુજન હિતાય-સુખાયના હેતુસર ''શ્રી ગુરુદેવ શુભેચ્છા વર્ષ'' તરીકે ઉજવીશું. સામેના પાને દર્શાવેલ નિર્ધારિલ કાર્યક્રમને પૂ.ગુરુદેવે સંમતી આપેલ છે.

## સદ્‌ગતિ

**સંકલન : શશિકાન્ત પટેલ**

### ''ઓમ્ ગુરુદેવ જયંતિ'' નિમિત્તે આશીર્વચન

**તા. ૨૮-૧૧-૨૦૨૧, રવિવાર, સ્થળ : વડનગર (જિ.મહેસાણા)**

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

ઓમ્ પરમાત્માની અસીમ કૃપાથી તથા પ.પૂ.સદ્‌ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજના અનંત આશીર્વાદથી સમગ્ર વર્ષ દરમ્યાન ઓમ્ પરિવારના ઉપક્રમે જુદા જુદા નિમિત્તે આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન બહુજન હિતાય-સુખાયના શુભ આશયથી

**॥ સત્યધર્મ ગુરુદેવ કી જય ॥**

દર વર્ષે કરવામાં આવતું હોય છે. પૂજ્યશ્રીની જન્મ તારીખ ૨૭-૧૧-(સતાવીસ નવેમ્બર) છે. તે નિમિત્તે ઓમ્ પરિવારના ઉપક્રમે ‘‘ઓમ્ ગુરુદેવ જયંતી’’ મહોત્સવનું આયોજન દર વરસે કરવામાં આવે છે, તે જ રીતે તા.૨૭-૧૧-૨૧ને શનીવારના બદલે તા.૨૮-૧૧-૨૦૨૧ ને રવિવારે ‘‘ઓમ્ ગુરુદેવ જયંતી’’ મહોત્સવનું આયોજન વડનગર (જિ.મહેસાણા) મુકામે કરવામાં આવેલ. આ આયોજન ૨૭-૧૧-૨૦૨૧ ને શનીવારના બદલે ૨૮-૧૧-૨૦૨૧ને રવિવારે એટલા માટે કરવામાં આવેલ કે જેથી રવિવારે મોટાભાગે સૌ કોઈને નોકરી-ધંધામાં રજા રહેતી હોવાથી વધુ આધ્યાત્મિક મુમુક્ષુઓ-ગુરુપ્રેમીઓ તેનો લાભ લઈ શકે. આ પ્રસંગે પૂજ્યશ્રીએ ટેલિફોનના માધ્યમથી પરમ કલ્યાણકારી સાચી સમજણરૂપી જે આશીર્વચની કરુણા વરસાવી તેને નીચે મુજબ રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કરવામાં આવેલ છે.

## આશીર્વચન

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય.

સર્વેનું સ્વાગત - વંદન - અભિનંદન - આશિષ.

લગભગ છેલ્લાં બે વર્ષથી કોરોના વાઈરસની તીવ્ર લહેર વ્યાપક પ્રમાણમાં ફેલાયેલી હતી. અનેક લોકો તેની ઝપટમાં આવી મૃત્યુને શરણે થઈ રહ્યા હતા. તેથી સાવચેતી રૂપે ઓમ્ પરિવારના ઉપક્રમે યોજાતા આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન મોકુફ રાખવામાં આવેલ. પરમાત્માની દયાથી કોરોનાની લહેર હળવી થઈ ગઈ હોવાથી ઓમ્ પરિવારના ઉપક્રમે યોજાતા બહુજનહિતાય-સુખાયના કાર્યક્રમોનું આયોજન શરૂ કરેલ છે. હમણાં થોડા સમય પહેલાં જ અમારી જન્મતિથિ નિમિત્તે તમે સૌએ ‘‘ઓમ્ જયંતિ’’ના કાર્યક્રમની ઉજવણી અમદાવાદ મુકામે કરેલ. આવા નિષ્કામ લોકકલ્યાણનાં સત્‌કાર્યો કરવાનો તમારો ઉત્સાહ એટલો બધો છે કે કોઈને કોઈ નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરતા જ રહો છો. તેવી રીતે તમે સૌએ આજના આ કાર્યક્રમનું આયોજન અમારી જન્મ તારીખને નિમિત્ત બનાવીને કર્યું છે. સત્તાવીસ નવેમ્બર અમારી જન્મતારીખ છે. પરંતુ અઠ્ઠાવીસ નવેમ્બર અને રવિવારે આયોજન કર્યું છે જેથી વધુ સત્‌ધર્મપ્રેમીઓ તેનો લાભ લઈ શકે. આમ તમે સૌ આજે સર્વ જીવ હિતાય-સુખાય ‘‘ઓમ્ ગુરુદેવ જયંતિ’’નો આધ્યાત્મિક, કલ્યાણકારી, સાત્ત્વિક કાર્યક્રમ પરમ કૃપાળુ ઓમ્ પરમાત્માની અહૈતુકી કૃપાથી પ્રેમપૂર્વક ઉજવી રહ્યા છો. આ કાર્યક્રમની ઉજવણીની તક શશીકાન્ત તથા ઉષાબહેનના પરિવારે ખૂબ જ આનંદ, ઉત્સાહ અને પ્રેમપૂર્વક ઝડપી લીધી છે. કાર્યક્રમમાં તમે સૌ ખૂબ જ ઉમળકાભેર ઉપસ્થિત રહ્યા છો તે બદલ સૌને ખૂબ ખૂબ ધન્યવાદ. દમાભાઈના સુપુત્ર હરેશભાઈ કૅનેડાથી લાંબી મુસાફરી કરી વહેલી સવારે ઘરે આવ્યા. ઘરે આવી થોડીવારમાં ફ્રેશ થઈ સહેજ પણ આરામ કર્યા વગર અહીં કાર્યક્રમનો લાભ લેવા ઉપસ્થિત થઈ ગયા. કૅનેડાથી જે કામ માટે આવ્યા છે તે કામ પછી થશે. ઓમ્ પરિવારના કાર્યક્રમમાં હાજરી પ્રેમપૂર્વક આપવી તે પ્રથમ, બીજું પછી. ઓમ્ પરમાત્માની પ્રેરણાથી ગુરુજી દ્વારા કહેવાતા મનુષ્ય જન્મ સાર્થક કરવા અંગેના સદ્‌બોધરૂપી સાચી, સનાતન સમજણની યોગ્ય કિંમત સમજાઈ હોય તો જ આવી ભાવનાથી કાર્યક્રમમાં ઉપસ્થિત

**॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥**

રહી શકાય. આ વાત તમને સૌને એટલે જણાવી કે તમારા સૌનો ઉત્સાહ વધે, પ્રેરણા મળે.

આજે સૌથી મહત્ત્વની વાત સદ્‌ગતિ અંગેની કરવાની છે. કોરોના મહામારીનો જે લોકો શિકાર થઈ મૃત્યુ પામ્યા છે તેવા નિઃસહાય, બેબસ, લાચાર, મજબૂર આત્માઓની સદ્‌ગતિ માટે નિષ્કામ સદ્‌ભાવથી આપણે સૌ પણ કાંઈક કરીએ. તો, આપણે શું કરીએ કે જે તેમને પહોંચે ? તે માટે નિષ્કામ સદ્‌ભાવનાથી આવા આત્માઓની સદ્‌ગતિ થાય તેવા શુભસંકલ્પ સહિત ''ઓમ્ ગુરુ ઓમ્'' મહામંત્રના આપણી ક્ષમતા મુજબ શક્ય એટલા વધુ જાપ ઘરે જઈને કરવાના શરૂ કરી દઈએ. મંત્રમાં 'ગુરુ' શબ્દને 'ઓમ્'નો સંપુટ લાગ્યો છે. કોઈપણ મંત્રનો ઓમ્‌ના સંપૂટ સહિત જપ કરવામાં આવે તો તે મંત્રની પ્રબળતા અનેક ઘણી વધી જાય છે. અર્થાત્ તેનું અનેકગણું ફળ પ્રાપ્ત થાય છે. કોઈ પણ મંત્રનો ઓમ્‌નો સંપુટ વિના મંત્રજાપ કરીએ તો જેટલા જપ કરીએ તેટલું જ ફળ પ્રાપ્ત થાય. તે જ મંત્રને ઓમ્‌નો સંપુટ લગાવી જપ કરવામાં આવે તો અનેક ઘણું વધુ ફળ પ્રાપ્ત થાય છે. ઓમ્‌નો સંપુટ લગાવવો એટલે કોઈ પણ મંત્રના જપ કરીએ ત્યારે તે મંત્રની શરૂઆતમાં ઓમ્ બોલી પછી મંત્ર બોલીએ અને જ્યાં મંત્ર પૂરો થાય ત્યાં ઓમ્ બોલીએ. આમ મંત્રની શરૂઆતમાં અને અંતે ઓમ્ બોલવામાં આવે તો ઓમ્‌ના સંપુટ સહિત મંત્ર જાપ કર્યો કહેવાય. તો આજના આ સર્વ જીવ હિતાય-સુખાયના આધ્યાત્મિક કાર્યક્રમની ઉજવણી પ્રસંગે આપણે સૌ બીજુ કાંઈ ન કરી શકીએ તો આટલુ તો અવશ્ય કરીએ. આપણે સૌ સંકલ્પ કરીએ કે કોરોના મહામારીનો શિકાર થઇ ઓમ્ પરીવારના આપણા આધ્યાત્મિક આત્મીયજનો તથા અન્ય જે કોઈ મૃત્યુને શરણ થયા છે તેમના આત્માની સદ્‌ગતિ માટે આપણી શક્તિ-ભક્તિ મુજબ ''ઓમ્ ગુરુ ઓમ્'' મહામંત્રના શક્ય તેટલા વધુ જાપ કરીએ અને અન્યોને તેમ કરવા પ્રેરીએ. આપણો તો ઓમ્ પરિવાર. સૌનું કલ્યાણ થાય તેવી નિષ્કામ સદ્‌ભાવનાથી પ્રેરાઈ તન - મન - ધન - વિચાર - વાણી - વર્તનથી યથાશક્તિ પ્રેમપૂર્વક સદાય - સતત પુરુષાર્થ કરવા તૈયાર. તમે સૌ તમારી ભાવનાને સંતોષવા માટે પ્રસંગોપાત્ત અમારા ચરણોમાં યથાશક્તિ ભેટ મૂકતા હોવ છો. તમારા સંતોષ ખાતર અમે તેનો અનાદર કરતા નથી અને તે સ્વીકારીએ છીએ. તો આજે અન્ય કોઈ ભેટ નહીં મૂકો તો ચાલશે. પરંતુ અમે સૌને આગ્રહ કરીએ છીએ કે કોરોનાથી મૃત્યુ પામેલાની આત્માની સદ્‌ગતિ થાય તેવી નિષ્કામ સદ્‌ભાવનાથી ''ઓમ્ ગુરુ ઓમ્'' મહામંત્રના વધુ જાપ કરો અને અન્યોને પણ તે માટે પ્રેરી શ્રદ્ધાંજલી આપીએ. તે જ અમારા માટે ભેટ છે એમ માનજો. અજ્ઞાનતાવશ સમાજમાં ભ્રમો-ભ્રાંતિઓ-વહેમો-કુરિવાજો જેવાં અનેક અનિષ્ટોથી ઘણા લોકો ભ્રમિત થઈ દુઃખી થઈ રહ્યા છે. તેવા લોકો તેમાંથી સમજણપૂર્વક મુક્ત થઈ જીવનમાં સુખ-શાંતિ પામે, તેમનું કલ્યાણ થાય તે શુભાશયથી અમારા સમગ્ર જીવનના સ્વાનુભવના નિચોડરૂપ સાચી-સચોટ સમજણને સરળ ભાષામાં સર્વ જીવહિતાય - સુખાય ઓમ્ પરિવાર ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત પુસ્તકોનો સ્ટોલ અહીં રાખેલ છે. તદ્‌ઉપરાંત જ્યાં ગુરુપૂજનની વ્યવસ્થા કરેલ છે તે બંને જગ્યાએ સ્વયંસેવક ભાઈઓ ઉપસ્થિત છે. તો બંનેમાંથી એક જગ્યાએ સૌએ જેટલા જાપ કરવાનો સંકલ્પ કર્યો હોય તેની સંખ્યા લખાવી દેજો. વળી સંકલ્પ કરીને સંતોષ માનવાનો નથી. પરંતુ ઘરે

**॥ સત્યધર્મ ગુરુદેવ કી જય ॥**

જઈને સૌએ સંકલ્પની સંખ્યા જેટલા જાપ કરવા પ્રેમપૂર્વક લાગી જવાનું છે.

ઓમ્ પરિવારની અમે જે વ્યાખ્યા કરીએ છીએ તે તમને જણાવીએ. અમે ''ઓમ્''ના પ્રેમી અને અમારા ભક્તો પણ ''ઓમ્''ના પ્રેમી. આમ આ સર્વેના સમૂહને 'ઓમ્ પરિવાર'થી ઓળખવામાં-સંબોધવામાં આવે છે. બાકી તો અમારી ઓમ્ પરિવારની વ્યાખ્યા વિશાળ અર્થમાં રહેલી છે. ઓમ્ શબ્દ અ, ઉ અને અડધો મ્ આમ અઢી અક્ષરથી બનેલો છે. આ અ, ઉ અને મ્ ને એક તાલમાં લંબાવીને બોલીએ તો ઓમ્ ધ્વનિ પ્રગટે છે, અનુભવાય છે. જ્યારે મ્ બોલીએ ત્યારે ખાસ ધ્યાન રાખવાનું કે તે સમયે બે હોઠ એકબીજા સાથે જોડાયેલા હોય. આમ જોડાયેલા હોઠમાંથી મ્ ધ્વનિ નીકળવો જોઈએ. તો આમ અ, ઉ અને મ્ ને એક તાલમાં લંબાવીને બોલીએ તો ઓમ્ ધ્વનિ પ્રગટે છે. તેથી તે સ્વયંભૂ છે. પંતજલી મુનિએ યોગદર્શનના સમાધિપાદના સત્તાવીસમા સૂત્રમાં ઓમ્ કે જેનો પર્યાયવાચક પ્રણવ છે તે માટે કહ્યું છે કે ''તસ્ય વાચકઃ પ્રણવઃ''. એનો ભાવાર્થ થાય સર્વવ્યાપક, નિર્ગુણ, નિરાકાર, અકર્મા, અજન્મા, અવ્યક્ત એવી પરમ સત્તા અર્થાત્ પરમાત્માનું વિશેષ સંબોધન, જેના થકી વિશેષ બોધ પ્રાપ્ત થાય છે તે પ્રણવ-ઓમ્ છે. તેથી પરમાત્માનું સાકાર રૂપ પ્રણવ-ઓમ્ છે. વળી વિશ્વની કોઈપણ ભાષાને અ, ઉ અને મ વગર ચાલે નહીં. તેવી જ રીતે મનુષ્ય, પશુ પક્ષી બોલે છે તેમાં પણ અ, ઉ, મ્ આવે જ છે. આમ જગતના મનુષ્ય, પશુ-પક્ષીને અ,ઉ, મ્ અર્થાત્ ઓમ્નો આધાર લેવો જ પડે છે. તેથી સર્વ જીવ-જગત ઓમ્ પરિવારમાં સમાયેલો છે. આમ અમારી ઓમ્ પરિવારની વ્યાખ્યા વિશાળ છે. ઓમ્ પરીવારમાં 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવના રહેલી છે. આ વાત એટલા માટે કરી કે આવનાર સૌ કોઈને ઓમ્ પરિવાર એટલે શું એની જાણ થાય.

હાલમાં અમને ચોરાણુમું વર્ષ ચાલે છે. અવસ્થાને કારણે તબિયત નરમ-ગરમ રહે એ સ્વાભાવિક છે. બોલીએ તો પણ શ્રમ પડે. છતાં પણ આવા સર્વ જીવ હિતાય - સુખાયના કાર્યક્રમમાં એક સાથે ઘણા બધાને લાભ મળે તે માટે તબિયતની, શ્રમની પરવા કર્યા સિવાય અમારા સમગ્ર જીવનના અનુભવયુક્ત નિચોડરૂપી કલ્યાણકારી સાચી સમજણની વાતો વધુમાં વધુ સૌ સમક્ષ કરવા અમે ઉત્સાહિત થઈ જઈએ છીએ. આવા કાર્યક્રમના આયોજન અને તેમાં પ્રેમ અને ઉત્સાહપૂર્વક તમે સૌ ઉપસ્થિત રહેવા થનગની રહ્યા હોવ છો. તેથી ઓમ્ પરિવારના કાર્યક્રમના દિવસે જ જો કદાચ તમારો કોઈ અંગત કાર્યક્રમ આવતો હોય તો તેને તમે જતો કરી ઓમ્ પરિવારના કાર્યક્રમને પ્રાધાન્ય આપી તેમાં ઉપસ્થિત થઇ જાવ છો. આ તમે કોઈના કહેવાથી કરતા નથી. પરંતુ ઓમ્ પરીવારના બહુજન હિતાય - સુખાયના આવા આધ્યાત્મિક કાર્યક્રમની સાચી કિંમત અગત્યતા તમે સૌ બરાબર સમજો છો તે માટે સર્વેને ખૂબ ધન્યવાદ. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર સૌ કોઈને તકલીફ ન પડે અને વધુમાં વધુ સગવડ મળે તે માટે થઈને શશીકાન્ત તથા ઉષાબહેનનો પરિવાર આગલા દિવસે વડનગર પહોંચી ગયો હતો. પરમાત્માની કૃપાથી તમારા સૌમાં એવી ભાવના રહેલી છે કે આવા સર્વ જીવ હિતાય - સુખાયના કાર્યક્રમનો વધુ ને વધુ કલ્યાણકામીઓ લાભ લે જેથી સૌનું કલ્યાણ થાય. તમારી આ નિષ્કામ ઉચ્ચ ભાવના જોઈ અમને ખૂબ જ આનંદ થાય છે. અમે પણ ખૂબ જ ઉત્સાહિત થઈ જઈએ છીએ. સૌએ એ વાત

બરાબર અને સતત સ્મરણમાં રાખવાની છે કે પરમાત્માની કૃપાથી જ સર્વ જીવ હિતાય-સુખાયની ભાવનાથી આપણે જે કાંઈ કરી રહ્યા છીએ તે કોઈ બીજાના કલ્યાણ માટે કરતા નથી પરંતુ આપણા પોતાના જ કલ્યાણ માટે કરી રહ્યા છીએ. કેમ કે સર્વેમાં આપણો પણ સમાવેશ થઈ જ જાય છે. આ એક રહસ્યની વાત સૌએ બરાબર સમજી લેવાની છે કે જેમ જમીનમાં જે વાવીશું તે જ ઊગશે. આંબો વાવીશુ તો કેરી મળશે અને બાવળ વાવીશુ તો કાંટા જ મળશે. તેવી જ રીતે સત્કર્મોના ફળ સ્વરૂપ સુખ અને અસત્ કર્મોના ફળ સ્વરૂપ દુઃખ જ પ્રાપ્ત થશે. કર્મનો આ અફર સિદ્ધાંત છે. તેમાંથી કોઈ જ બચી શકતું નથી. પણ ખાસ સાવધાની રાખવાની છે કે જીવનમાં જે કાંઈ સત્કર્મ કરીએ તે નિષ્કામ ભાવે કરીએ. બદલાની આશા ન રાખીએ. તેમ છતાં પણ કર્મના સિદ્ધાંત અનુસાર ફળની પ્રાપ્તિ અવશ્ય થાય જ છે. પણ જો સકામ ભાવે સત્કર્મો કરીએ તો તેનો બદલો મળી જાય. હિસાબ બરોબર થઈ જાય. આપણા પુણ્યના ભાથામાં કાંઈ જ વધારો થાય નહીં. તેથી જીવનમાં વધુને વધુ નિષ્કામ ભાવે સત્કર્મો કરતા રહી પુણ્ય જમા કરતા રહેવાનું. આ જમાપાસું એટલું તો વધારતા રહેવાનું કે ફળસ્વરૂપ મનુષ્યજન્મ સાર્થક થાય. આત્યંતિક સુખ રૂપી મોક્ષ પ્રાપ્ત કરી શકાય. પરિણામે દારુણ દુઃખદાયક જન્મ-મરણના ચકરાવામાંથી છૂટી જવાય. અમે નક્કી કર્યું હતું કે બહુ બોલવું નહીં પણ આવી સત્ સમજણની વાતો પ્રેમપૂર્વક સાંભળવાની, સમજવાની અને તેને જીવનમાં વધુ ને વધુ અપનાવી તેને અનુરૂપ જીવન જીવવાની તમારી તીવ્ર તત્પરતા જોઈ અમને પણ આવી વાતો કહેવાનો ઊભરો ચડ્યો. તેથી ઓછું બોલવાનું નક્કી કરેલ તો પણ વધુ બોલ્યા.

આજે સૌ સંકલ્પબદ્ધ થઈએ કે કોરોના મહામારીમાં જેમને મજબૂરીથી શરીર છોડવું પડ્યું છે તેવા આત્મીયજનો માટે આપણે બીજું તો કાંઈ કરી શક્યા નથી. તો તેમના આત્માની સદ્‌ગતિ થાય તે માટે "ઓમ્ ગુરુ ઓમ્" મહામંત્રના આપણી ક્ષમતા મુજબ વધુમાં વધુ જાપ દ્વારા પરમાત્માને પ્રાર્થના કરી સંતોષ માનીએ. આમ કરતાં ખાસ સ્મરણમાં રાખવાનું છે કે આ મારા પોતાના માટે નહીં, પરંતુ કોરોના મહામારીમાં મૃત્યુ પામેલ આત્મીયજનો માટે કરું છું. પરમ્ કૃપાળુ ઓમ્ પરમાત્માની અહૈતુકી કૃપા અમારા ઉપર વરસી અને અમે તે તમને જણાવી. તેને તમે અમારો આદેશ માની ખુબ જ પ્રેમ અને ઉત્સાહપૂર્વક વધાવી લીધો તે બદલ સૌને ખૂબ ખૂબ ધન્યવાદ. આ પહેલાં અમે સૌને "ઓમ્ ગુરુ ઓમ્"મહામંત્રના ચોવીસ હજાર જાપ કરવાનું જણાવ્યું હતું. એ એટલા માટે જણાવ્યું હતું કે કોરોના મહામારીની જે તીવ્ર લહેર ફેલાઈ હતી તે હળવી પડી ગઈ તે માટે પરમાત્માનો આભાર માનવા માટે જપ કરવાનું કહ્યું હતું. હવે અત્યારે જે જપ કરવાનું જણાવ્યું છે તે મહામારીની ઝપટમાં આવી મૃત્યુશરણ થયા છે તેવા લાચાર-બેબસ આત્માની સદ્‌ગતિ માટે કરવાના છે. આમ બંનેનો ઉદ્દેશ અલગ સમજવાનો છે.

મનમાં પ્રશ્ન ઊઠે કે સદ્‌ગતિ અને અસદ્‌ગતિ એટલે શું ? જ્યારે જીવાત્મા શરીર છોડે છે ત્યારે પોતાના સમગ્ર જીવન દરમ્યાન અનેક સત્-અસત્ કર્મ કરેલાં હોય છે. કર્મના સિદ્ધાંત મુજબ કરેલ કર્મનાં ફળ અવશ્ય ભોગવવાં જ પડે છે. તો જીવનભર કરેલ કર્મમાંથી એવાં કેટલાક કર્મ હોય છે કે જ્યારે જીવાત્મા શરીર છોડે ત્યારે ભોગવવાનાં બાકી રહેલાં હોય છે. આવા ભોગવવાના બાકી કર્મને સંચિત કર્મ અથવા લેણદેણ કહેવાય છે. હવે

**॥ સત્યધર્મ ગુરુદેવ કી જય ॥**

જીવાત્મા જ્યારે શરીર છોડે છે ત્યારે આ સંચિત કર્મો પણ તેની સાથે જોડાયેલા હોય છે. જીવાત્મા આ સંચિત કર્મોરૂપી લેણદેણ જેની સાથે અને જ્યાં ભોગવવાના હોય છે તેને અનુરૂપ યોનીમાં જન્મ ધારણ કરે છે. આમ સંચીત કર્મ પ્રમાણે જીવાત્માની ગતિ થાય છે તેને સદ્ગતિ કહેવામાં આવે છે. પરંતુ જ્યારે જીવાત્માની જે થવી જોઈએ તે મૂળ ગતિ ન થાય અને ફર્યા કરે, દુઃખી થયા કરે તે અસદ્ગતિ કહેવાય. આમ કોરોના મહામારીની ઝપટમાં આવી જે દુઃખી, બેબસ લોકો મૃત્યુને શરણ થયા છે તેવા જીવાત્માઓની સદ્ગતિ માટે "ઓમ્ ગુરુ ઓમ્" મહામંત્રના જપ કરવા સંકલ્પબદ્ધ થઈ આપણે સૌએ પરમાત્માને પ્રાર્થના કરવાની છે.

અમે ચોરાણુ વર્ષની ઉંમરે પણ તમારા સૌનો મનુષ્યજન્મ સાર્થક કરવા માટેનો પુરુષાર્થ કરવાનો ઉત્સાહ વધે અને ખૂબ જ સાત્ત્વિક-આધ્યાત્મિક સાચી સમજણને પામી આનંદિત થાઓ તે માટે અમે વધુ ને વધુ સક્રિય રહી શકીએ છીએ. આપણા સૌ ઉપર ઓમ્ પરમાત્માની સતત કૃપા વરસી રહી છે. તેથી જ આ શક્ય છે. વળી આપણા સૌની સમજ-વિચારો પરસ્પર ભળતા છે, સમાન છે. તેથી જ સર્વ જીવ હિતાય-સુખાયનાં કાર્યો આપણી શક્તિ મુજબ પ્રેમ અને ઉત્સાહપૂર્વક એક સંપથી થઈ શકે છે. પરસ્પર સમાન વિચારધારા ધરાવતા જ સુખ-શંતિપૂર્વક સંપથી રહી શકે. તે જ સાચા સગા કહેવાય. બાકી કાકા, મામા, માસી વગેરે સાંસારિક સંબંધે જોડાયેલા હોય તે સાચા સગા ન કહેવાય. કેમ કે વિચારો મળતા ન હોય તો મતમતાંતર ઊભા થાય. પરિણામે અંદરોઅંદર કલહ, કલેશ, વિખવાદ, અજંપો જ જીવનમાં પેદા થાય છે. પરિણામે આપણું જીવન અશાંતિથી ઘેરાયેલું રહે છે.

પરમાત્માની અહૈતુકી કૃપાથી સતત જ્ઞાનગંગારૂપી કલ્યાણકારી સત્‌વિચારોનું અવતરણ અમારી અંદર સતત થતું રહે છે. એ સત્ વિચારોના પ્રવાહનો વેગ એવો તો તીવ્ર હોય છે કે રોકાયો રોકાય જ નહીં. તે તો બહાર નીકળીને જ રહે. તમારા સૌના હૃદયમાં પેસીને જ રહે. જો સાચી સમજણરૂપી આ સત્ વિચારોને યથાયોગ્ય રીતે જીવનમાં અપનાવવામાં આવે તો કલ્યાણપથમાં ઊર્ધ્વગતિ અચૂક થાય જ તે નિઃશંક છે.

એક બીજી વાત તમને સૌને કહેવાની કે જો અમારી તબિયત સારી હોત અને વડનગરના આજના કાર્યક્રમમાં હાજરી આપી શકીએ તેમ હોત તો માનનીય વડાપ્રધાન શ્રીમોદીજીને કાર્યક્રમનું આમંત્રણ આપત. કેમ કે આ તેમનું ગામ-વતન છે. ઓગણીસસો ઈઠોતેરની સાલમાં પરમાત્માની કૃપાથી પલિયડ મુકામે ગાયત્રી અનુષ્ઠાન શિબિરનું આયોજન કરેલ તે સમયે માનનીય શ્રી મોરારજી દેસાઈ વડાપ્રધાન હતા. તો તે સમયે તેમને આમંત્રણ આપેલ અને તેમની કાર્યક્રમને શુભેચ્છા આવેલી.

આ કહેવા પાછળ અહંકારનો ભાવ નથી. પરંતુ સૌને પ્રેરણા મળે, સૌનો ઉત્સાહ વધે કે પરમાત્માની કૃપાથી શું કરી શકીએ છીએ. અમારી અવસ્થાને કારણે હવે ઘરબહાર પગ મૂકી શકતા નથી, ઘરના કમ્પાઉન્ડમાં પણ જતા નથી એવી શરીરની સ્થિતિ છે. પરંતુ સૌ આત્મીયજનો અમને ફુલની જેમ સાચવે છે. તેથી શરીર ટકી રહ્યુ છે. તે માટે સૌનો ખૂબ ખૂબ આભાર. ઓમ્ પરિવારના કાર્યક્રમમાં રૂબરૂ ઉપસ્થિત રહી શકતા નહીં હોવાથી હવે અમે મોબાઈલના માધ્યમથી આશીર્વાદ આપતા હોઈએ છીએ. તે માટેની બધી ગોઠવણી દર્શન કરે છે. જ્યાં સુધી આશીર્વચનનો કાર્યક્રમ પતે નહીં ત્યાં સુધી ખાધા-પીધા વગર તે અમારી પાસે જ બેસી રહે છે.

**॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥**

કહ્યું હતું તે સમયે આજે આશીર્વાદ માટે તમારો ફોન આવ્યો નહી તેથી તે રસોડામાં જમવા ગયો. જમવાની શરૂઆત કરવા જતો હતો ત્યાં ફોનની ઘંટડી વાગી. તેથી તે જમવાનું છોડી દોડતો અમારી પાસે આવી ગયો. આ એટલા માટે કહ્યું કે તમને સૌને ખૂબ પ્રેરણા મળે. તમને સૌને આવા કાર્યક્રમની અને પરમાત્માની કૃપાથી તેમાં કહેવાતી મનુષ્ય જન્મ સાર્થક કરવા અંગેની સાચી સમજણની કિંમત અગત્યતા વધુને વધુ સમજાય. તેથી પ્રેમ અને નિષ્ઠાપૂર્વક તેવું જીવન જીવવા જરૂરી પુરુષાર્થ કરવા લાગી જાઓ. જો કિંમત-અગત્યતા જ ન સમજાય તો પછી તેને જીવનમાં અપનાવી જ ન શકાય તે સ્વાભાવિક છે. આસો વદ દશમ કે જે અમારી જન્મતિથિ છે તે દિવસે તમે સૌએ "ઓમ્ જયંતી"નો કાર્યક્રમ ઊજવ્યો હતો. તેમાં અમારો અવાજ સાંભળી રસિકભાઈ પટેલે કહ્યું હતું કે ચોરાણુ વરસની ઉંમરે આવા બુલંદ અવાજમાં તો ગુરુજી જ બોલી શકે, સામાન્ય કોઈનું ગજું નહીં. અમે નક્કી કર્યું હોય છે કે થોડું અને ધીમા અવાજે બોલવું. પરંતુ તમારો ઉત્સાહ જોઈને અમે પણ ઉત્સાહિત થઈ જઈએ છીએ. તેથી ખૂબ સાવધાની રાખવા છતાં પણ અવાજ બુલંદ થઈ જ જાય છે અને વધારે સમય બોલાઈ જાય છે. તેને કાબૂમાં રાખવો અમારા હાથની વાત જ નથી રહેતી. પછી ભલે બે-ત્રણ દિવસ આરામ કરવો પડે. કાર્યક્રમમાં સર્વ જીવ હિતાય-સુખાય માટે અમે તમને જે કાંઇ સૂચના આપીએ છીએ તેને તમે આદેશ માનીને પ્રેમથી ઉપાડી લો છો, વધાવી લો છો. એટલું જ નહીં પણ તે માટે તમે લાગી જાવ છો. તે બદલ સૌને ખૂબ ખૂબ ધન્યવાદ. તમારામાં રહેલી સાચી સમજણ તેમાં દેખાય છે. જો સાચી સમજણ ન હોય અને જડતા હોય તો શું કરી શકાય ? કાંઈ જ નહીં. સાચી સમજણના કારણે તમારામાં સર્વ જીવ હિતાય-સુખાયનાં કાર્યો કરવાનો જુસ્સો જોઈ અમને પણ જુસ્સો ચડે છે. અમારો જુસ્સો જોઈ તમે પણ વધુ ને વધુ જુસ્સામાં આવી જાવ છો. પરસ્પર દેવો ભવ. હવે અમે બોલાવીએ તેમ તમે સૌ બોલજો.

"કોરોના મહામારીનો ઓચિંતો શિકાર થઈ જે લોકો મૃત્યુને શરણ થયા છે, તે આત્માઓની સદ્ગતી માટે "ઓમ ગુરુ ઓમ્" મંત્રના જાપ કરીએ છીએ તે તેમને સમર્પિત છે... સમર્પિત છે.... સમર્પિત છે..."

ફરી ફરી સૌને ખૂબ ખૂબ આશીષ.

સત્ય - ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો આપણી જય.

ઓમ નમઃ પાર્વતી પતયે હર હર મહાદેવ..હર.

ઓમ્...ઓમ્....ઓમ્....

## સત્સાહિત્ય પ્રચાર પત્રિકા નં. ૧૨૨

**-યોગભિક્ષુ**

### પ્રાપ્તિ માટે પાત્ર બનીએ

**ખૂદીકો કર બુલંદ ઈતના, કિ હર તકદીરસે પહલે,**
**ખુદા બંદે સે ખુદ પૂછે : બતા તેરી રજા ક્યા હૈ?**

પાત્રતાને - ઉદારતાને - વિશાળતાને એટલી વધારી દઈએ, અધિકારીપણું એવું પ્રાપ્ત કરી લઈએ કે આપણે કોઈની પાસે કાંઈ પણ કૃપા પણ - શા માટે માંગવી પડે ? જેણે જેણે તપ કર્યાં છે તેણે કોઈએ માંગ્યું નથી પણ દેવાવાળાએ સામેથી આવીને કહ્યું છે કે, "માંગ, માંગ, શી ઇચ્છા છે"? અને ત્યારે સમજદારોએ કહ્યું છે કે, "કાંઈ નહીં." કારણ કે કર્મના

સૂક્ષ્મ નિયમ જાણનારાઓને તો ખબર જ છે કે સારાં-ખોટાં કર્મોનાં સારાં-ખોટાં ફળ માંગીએ કે ન માંગીએ તોય મળીને જ રહેવાનાં છે. ''કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન'' - દેવાવાળો દેશે, તું કામ કર્યે જા.

આપણી યોગ્યતા એટલી બધી વધારી દઈએ કે દેનારાએ સ્વયં કહેવું પડે કે, ''માંગ્ય માંગ્ય.'' શું, ''માંગ્ય માંગ્ય'' કહી શકનાર દેનારાને એટલી પણ ખબર નહીં પડે કે આપણને શાની જરૂર છે? ખુદા છપ્પર ફાડકે દેતા હૈ ત્યારેય, શું આપણે આપણી બુદ્ધિથી જ, આપણું પસંદ કરેલું જ માંગીશું? આપણી બુદ્ધિ કેટલી ? આપણી પસંદગી કેવી? રાખ અને ધૂળ જેવી. **ખરા બુદ્ધિશાળી તો ત્યારે કહેવાઈએ કે જ્યારે આપણાથી વધુ બુદ્ધિવાળો આપણને જે કાંઈ આપે તેને જ યથાયોગ્ય સમજીએ, તેને જ આપણી પસંદગીનું બનાવીએ, તેને જ આપણા માટે શ્રેયસ્કર માનીએ.**

આપણે તો જીવનના દરેક ક્ષેત્રમાં આપણા અધિકાર કરતાં કાંઈક વધુ જ ઈચ્છીએ છીએ અને પછી, અનધિકાર ચેષ્ટામાં નિરાશા થતાં કેટલાંયને ભાંડી નાખીએ છીએ. પછી દીવાની દાઝે કોડિયાને બટકાં ભરીએ છીએ, મોચીની દાઝે કાંટામાં ચાલીએ છીએ! પણ એથી શું વળે? એથી તો આપણા દાંતમાં કાંકરી અને પગમાં કાંટા જ ભરાય છે. એટલે ફરી પાછી પણ એ જ આડોડાઈ! દાંતમાં અને પગમાં ભરાયેલા કાંકરા અને કાંટા મફત કઢાવવા ઈચ્છીએ છીએ! અને એમાં નિરાશ થતાં પાછા, ફરીને આપણા ભાંડણવેડા શરૂ થઈ જાય છે આમ, જિંદગી આખી અન્યોને ભાંડવાનું જ ચક્કર ચાલે છે. આપણે અન્યોને ભાંડીએ છીએ, તો અન્યો પણ આપણને ભાંડશે તેની આપણને સ્વપ્નેય કલ્પના નથી આવતી. શું આપણે એકલા જ સત્‌યુગના સિદ્ધપુરુષ?

હનુમાનજીની બાધા માનીએ કે લાખ રૂપિયાની લોટરી લાગશે તો તમને સવાશેર તેલ ચડાવીશ. પછી હમુનાનજી સ્વપ્ન દ્વારા સાચી વાત કહે કે, ''લાખ રૂપિયા મારી પાસે હોત તો હું જ તેલના હોજ ભરાવીને તેમાં કૂદકા ન મારું? તારા સવાશેર તેલની આશામાં શા માટે બેસી રહું ?'' ત્યારે હનુમાનજીને પણ ભાંડી નાખીએ છીએ!

પાત્રતા પ્રાપ્ત કર્યા વિનાની પ્રાપ્તિઓની ઈચ્છાઓ રૂપી દ્વારથી ઈર્ષા-આડોડાઈ, રાગ-દ્વેષ, વેર-ઝેર ઘૂસી જતાં હોય છે અને લાંબે ગાળે એ વ્યક્તિગત વેરઝેરનાં બી માંથી એવાં અને એટલાં હિંસાવૃક્ષો ઊગી નીકળે છે કે તેનાં ઝેરી ફળોનો મબલખ ઉતાર આખા સમાજ અને રાષ્ટ્રને ઝેર ચડાવી દે છે. અને આ બધું થાય છે અનધિકાર ચેષ્ટામાંથી અને તેનાથી આપણે સાવ બેખબર હોઈએ છીએ!

અનંત રૂપે, રંગે અને આકાર-પ્રકારે અનધિકાર ચેષ્ટા આપણાં રૂંવાડે રૂંવાડે વ્યાપી ગઈ છે. આપણે જાણે એના વ્યસની થઈ ગયા છીએ. સાવ અજ્ઞાની હોવા છતાંય પૂર્ણ જ્ઞાની હોવાનો ડોળ કરવામાં થોડો સમય તો મોજ આવે છે, પણ જ્યારે પાખંડનો પરપોટો ફૂટે છે ત્યારે બૂરા હાલ થઈ જાય છે. પાખંડનો પરપોટો વહેલો કે મોડો ફૂટ્યા વિના રહેતો નથી. પરમાત્માની કૃપાથી સાચી સમજણને પ્રાપ્ત કરીને અનધિકાર ચેષ્ટાના હરામચસકામાંથી છૂટીએ.

## અજ્ઞાનજનિત ભ્રમણાઓ

મનુષ્યજીવનના મોટામાં મોટા અને અતિ મહત્ત્વના પ્રસંગો બેઃ (૧) જન્મ અને (૨) મૃત્યુ. આવા બે મહાન પ્રસંગો પણ ચોઘડિયું, મુહૂર્ત, વીંછુડો, કમુરતાં, કાલસર્પયોગ, તિથિ, વાર કે પક્ષ આદિ કાંઈ જ જોવા રોકાતા નથી, તો પછી એ બંનેની વચ્ચેનો ગાળો -જીવન, તેમાં મુહૂર્ત-કમુહૂર્ત એ બધાંને મહત્ત્વ શા માટે આપવું?

**॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥**

પરમ કૃપાળુ પરમાત્મામાંથી શ્રદ્ધા છોડીને તે બધી ભ્રમણાઓને વશ શા માટે થવું? કાલસર્પયોગમાં આપણે ત્યાં બાળક જન્મે છે તો શું આપણે તેને નાખી દઈએ છીએ? અથવા તે શું મરી જાય છે? કાલસર્પયોગના દિવસે પણ બસો, ટ્રેનો, પ્લેનો વગેરે બધાં જ પોતપોતાની ફરજો નિયમિત બજાવે છે. એકેયને અકસ્માત નડતો નથી. એથી ઊલટું, એવા પણ સમાચારો અવારનવાર સાંભળીએ છીએ કે, ''અમુક મંદિરની ખાતમુહૂર્ત-વિધિ વખતે ભેખડ ધસી પડવાથી પૂજન કરવાવાળા દટાઈને મરી ગયા.'' એ સૌએ કાંઈ મુરત જોવડાવામાં કચાશ રાખી હોય છે? ના.

પરમાત્મા ઉપરની શ્રદ્ધામાં મક્કમ થઈને સર્વ પ્રકારની ભ્રમણાઓમાંથી શીઘ્ર મુક્ત થઈ જઈએ, તો જ ગુરુસંતો સાથેનો સંપર્ક સફળ થયો કહેવાય અને તો જ સાચી સમજણ પ્રાપ્ત કરી કહેવાય.

## કરુણામયી કુદરત

પરમાત્મા પાસે એવી કૃપાની માંગણી કરીએ કે એમણે જે કૃપા કરી છે તેને આપણે બરોબર સમજીએ, ઓળખીએ, અનુભવીએ અને માણીએ. જો આપણને મળેલાં સુખસગવડને આપણે સુખસગવડ તરીકે ઓળખી જ નહીં શકીએ, તો આપણને કોઈ જ સુખી નહીં કરી શકે. દરેક સુખસગવડ સાપેક્ષ છે. દેશ, કાળ અને પરિસ્થિતિ પ્રમાણે તેની વ્યાખ્યા પરિવર્તન પામતી જ રહે છે.

કુદરત ખૂબ કરુણામયી છે. તેની વ્યવસ્થા સૌ માટે સુખની જ હોય છે. આપણી વ્યાખ્યા પ્રમાણેનું સુખ આપણને પ્રાપ્ત ન થાય ત્યારે આપણે તેને દુઃખ કહીએ છીએ. પણ કુદરતે તો (આપણી દૃષ્ટિએ) પ્રતિકૂળ પરિસ્થિતિ પણ આપણા કલ્યાણ માટે જ સર્જી હોય છે. મા પોતાના બાળકની પેટપીડ મટાડવા તેને કડવું ઓસડ પિવડાવે છે ત્યારે બાળકને મા દુશ્મન જેવી લાગે છે, પણ તેમાં પણ માની કરુણા જ સમાયેલી હોય છે. તેમ, કુદરત પણ અનુકૂળતા કે પ્રતિકૂળતા, તેને જે ઠીક લાગે તે, વરસાવીને જીવનું કલ્યાણ જ કરતી હોય છે. પણ જીવ પોતાની અજ્ઞાનમયી માન્યતા દ્વારા દુઃખી-સુખી થતો હોય છે.

આ બધી અતિ સૂક્ષ્મ સમજણની વાતો ''વેદાંત''છે. ''વેદ'' એટલે જાણવું અને જાણવાનો જ્યાં અંત આવી જાય તે વેદાંત. તેમ જીવન અને જીવનના અંત ભાગમાં, જીવનના નિચોડ રૂપે જે રજૂ થયેલું છે તે જ જીવનાંત અર્થાત્ વેદાંત.

જન્મ, મૃત્યુ, બચપણ, યુવાની અને બુઢાપો એ તો કુદરતનો ક્રમ છે અને લાભ-હાનિ, યશ-અપયશ, સુખ-દુઃખ, પાપ-પુણ્ય, હર્ષ-શોક વગેરે બધાં, જીવમાત્ર માટે જીવનનો અનિવાર્ય ક્રમ છે. આ તથ્યને-સત્યને યથાયોગ્યપણે સમજવાનો ભરપૂર પ્રયત્ન થવો ઘટે.

## વીણેલાં મોતીડાં

- ગંગાજીમાં માછલાં, મગરમચ્છ પડ્યાં જ રહે છે ને? શું તેમનો મોક્ષ થઈ જવાનો? ગંગાજીના કિનારે રહેનારા માછીમારો રોજ માછલાં મારે છે અને પછી ગંગાજીમાં નહાય છે, શું ગંગાજીમાં નાહવાથી તેમનાં પાપ ધોવાઈ જવાનાં? ના. સાચી ગંગા કઈ? જ્ઞાનરૂપી ગંગા. એમાં સ્નાન કરવું જોઈએ.
- ''કોઈ ઉપર આધાર નહીં રાખવાથી આઝાદી અને આબાદી તરફ જવાશે.'' એ સમજણ સારી છે. પણ ''એ જ સ્થિતિ આઝાદી અને આબાદીની છે'' તે સમજણ સાચી છે.
- ઊંઘમાં રજોગુણની પ્રધાનતા છે અને ધ્યાનમાં સત્ત્વગુણની. તેથી ધ્યાનમાં ઊંઘ કરતાં પણ વધુ સૂક્ષ્મ પ્રવેશ છે અને વધુ સુખ છે.
- સમૃદ્ધિ અને ભૌતિક સુખો તો બીજાં સાધનો દ્વારા પણ મળી શકે છે પરંતુ, શાંતિ તો સાચી સમજણ દ્વારા જ પ્રાપ્ત થાય છે. સાચી સમજણ પ્રાપ્ત કરવા માટે જે કાંઈ મૂલ્ય આપવું પડે તે ઓછું જ છે.
- નુકસાનીને નફામાં ફેરવી નાખવાની દૃષ્ટિ પ્રાપ્ત થવી તે ઊંચી સ્થિતિ છે. પરંતુ કોઈ પણ સ્થિતિમાં

નુકસાન છે જ નહીં, કેવળ લાભ જ છે તેવી દૃષ્ટિ પ્રાપ્ત થવી તે નરી વાસ્તવિકતા છે.

- અશક્યની તીવ્ર ઈચ્છા મનુષ્યની બુદ્ધિને ભમાવી દે છે, પછી તે મનુષ્ય સારાસારનો વિવેક ચૂકી જાય છે અને તેથી પોતાની બેસવાની ડાળીને પહેલી કાપે છે.
- ચમત્કારો જોવાના અને કરવાના ખ્યાલમાં રાચ્યા કરવું તે કેવળ મહાઘેલછા છે. કુદરતી દિવ્ય અને અલૌકિક કૃતિઓને પણ ચમત્કાર ન સમજવો તે પણ મહામૂર્ખતા અને મહાજડતા છે.

# યજ્ઞરહસ્ય

(અતિ સંક્ષિપ્ત) - યોગભિક્ષુ

### યજ્ઞરહસ્ય-૧

મંત્ર પૂરો થાય ત્યારે, સ્વાહા ઉચ્ચાર સાથે, ગૌઘૃત અને દિવ્ય ઔષધિઓની આહુતિઓ કે જે યજ્ઞકુંડમાં પડે છે તે -

યજ્ઞ-અગ્નિ દ્વારા પરમાણુરૂપ ધારણ કરીને ત્રણ-ત્રણ કોસ સુધી ફેલાય છે અને ત્યાં વસેલા સર્વ જીવોને પુષ્ટિ આપે છે.

મંત્ર બોલતી વખતે જે ઝેરી વાયુ ફેફસાંમાંથી બહાર ફેંકાય છે તે, અને સ્વાહા બોલતી વખતે પૂરેપૂરો બહાર ફેંકાઈ જાય છે તે વાયુ, યજ્ઞઅગ્નિ દ્વારા નાશ પામી જાય છે અને મંત્ર પૂરો થતાં, પુનઃ મંત્ર બોલવા માટે, નાક દ્વારા શ્વાસ અંદર લઈએ છીએ ત્યારે, આહુતિના પરમાણુઓ કે જે વાતાવરણમાં ઘૂમરાતા હોય છે તે, ફેફસાંમાં પ્રવેશીને તરત પુષ્ટિ આપે છે. યજ્ઞ દરમિયાન આ ક્રિયા સતત ચાલતી હોય છે.

**એટલે, યજ્ઞ વખતે માત્ર હાજર રહેવાથી પૂર્ણ લાભ મળતો નથી. પૂર્ણ લાભ લેવા માટે મંત્ર બોલવો પણ જરૂરી છે.**

### યજ્ઞરહસ્ય-૨

દવાને મુખ દ્વારા લઈએ તે પેટમાં જાય. શરીરશાસ્ત્રના નિયમ મુજબ, તબક્કાવાર આગળ વધતી વધતી તે ફેફસાં, હૃદય અને લોહીમાં પહોંચે. ત્યારે તેની અસર દર્દ પર થાય. ઈંજેક્શન દ્વારા તે સીધી જ લોહીમાં પહોંચે તેથી તેની અસર એ જ સમયે થાય.

યજ્ઞ દ્વારા, ગૌઘૃત અને દિવ્ય ઔષધિના છૂટા પડતા પરમાણુઓ, નાક દ્વારા સીધા જ ફેફસાંમાં પહોંચીને તરતોતરત અસર ઉપજાવે. જેમ ક્લોરોફોર્મ નાક દ્વારા ફેફસાંમાં પહોંચીને તુરત પ્રભાવ દર્શાવે છે.

યજ્ઞવિજ્ઞાનીઓ, જુદા જુદા યજ્ઞો દ્વારા, જુદા જુદા મંત્રો દ્વારા, જુદી જુદી ઔષધિઓની આહુતિઓ દ્વારા જુદાંજુદાં પરિણામો મેળવે છે.

બહુરત્ના વસુંધરા. વિજ્ઞાન અને વિજ્ઞાનીઓ પણ અનંત છે.

### યજ્ઞરહસ્ય-૩

લાલ મરચાનો ટુકડો ટેબલ પર પડ્યો હોય તોય કાંઈ થતું નથી, પણ જો તેને અગ્નિમાં નાખીએ તો દૂર રહેલાને પણ છીંકો આવે છે. તે તેની સાબિતી છે કે અગ્નિ દ્વારા છૂટા પડીને તેના અણુ-પરમાણુઓ ત્યાં સુધી પહોંચી ગયા. રસોડામાં પણ શાક વગેરેનો વઘાર થાય ત્યારે દૂર સુધી તેની ગંધ-સુગંધ પ્રસરે છે.

યજ્ઞમાં પણ એ જ પ્રમાણે ગૌઘૃત તથા દિવ્ય ઔષધિઓના પૌષ્ટિક, સ્વાસ્થપ્રદાયક અણુ-પરમાણુઓ ઘણે દૂર સુધી પહોંચીને તમામ જીવોને પ્રભાવિત કરે છે.

**॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥**

ઈંજેક્શન કે ક્લોરોફોર્મ તો જેને આપવામાં આવે તેને જ માત્ર અસર કરે છે, પણ સાત્ત્વિક યજ્ઞ તો અનંત જીવોનું કલ્યાણ કરે છે.

કોઈ અનાજના ગોડાઉનમાં આગ લાગે અને બધું અનાજ સ્વાહા થઈ જાય એ કાંઈ યજ્ઞ નથી. કેમ કે,

યજ્ઞમાં તો, સમયસર, ક્રમબદ્ધ, તાત્ત્વિક-સાત્ત્વિક મંત્રપૂર્વક આહુતિઓ સમર્પણની ભાવનાસહ પડતી રહે છે.

મંત્રદષ્ટા મહર્ષિઓ દ્વારા રચિત-ગોપિત-ગૂંથિત મંત્રોનો પ્રભાવ પણ અકથનીય, અકલ્પનીય, અલૌકિક, કલ્યાણકારી અને અમોઘ ફળદાતા હોય છે.

**યજ્ઞરહસ્ય-૪**

ઋષિઓને મંત્રદષ્ટા કહ્યા છે, મંત્રસ્રષ્ટા નહિ. મંત્રો તો હતા જ. ઋષિઓએ તો મંત્રોને જોયા-ગોત્યા-સમજાવ્યા-પ્રચાર્યા.

યજ્ઞો એ તો આર્ષસંસ્કૃતિની અદ્વિતીય ભેટ છે. તેના થકી 'બહુજન સુખાય-હિતાય' સરળતાથી સાધી શકાય છે. ગાયના ઘીનો દીવો એ પણ, યજ્ઞનું અતિ સંક્ષિપ્ત સ્વરૂપ છે.

રાવણ, મેઘનાદ વગેરેએ વિધવિધ યજ્ઞો દ્વારા અનેક સિદ્ધિઓ - શક્તિઓ પ્રાપ્ત કરી હતી. દશરથરાજાએ પણ પુત્રેષ્ટિયજ્ઞ દ્વારા પુત્રો પ્રાપ્ત કર્યા હતા.

'યજ્ઞોમાં જપયજ્ઞ હું છું.'- ગીતા. ગીતામાં જપને-મંત્રજપને પણ યજ્ઞ કહ્યો છે. જપયજ્ઞ સાવ સહેલો. તેમાં વિદ્વાનોની કે આહુતિઓની કે યજ્ઞકુંડ વગેરે કશાની પણ જરૂરત નહિ. જરૂરત ફક્ત હાર્દિક ભાવના અને સંપૂર્ણ એકાગ્રતાની. પણ તે તો મહાકઠિન.

**યજ્ઞરહસ્ય-૫**

યજ્ઞની પૂર્ણાહુતિ પછી પ્રસાદભોજન. પ્રસાદ ન લઈએ ત્યાં સુધી પૂર્ણ ફળ મળે નહિ. જઠરાગ્નિમાં ગ્રાસે-ગ્રાસે સ્વાહા. જઠરાગ્નિમાં આહુતિ ન અપાય તો યજ્ઞકુંડમાં આહુતિ આપવાની શક્તિ રહે નહિ.

**ભૂખ્યે ભજન ન હોય ગોપાલા,**
**યહ લો કંઠી, યહ લો માલા.**

યજ્ઞ પછીના ભોજનમાં જો તે પ્રસાદ છે એવી ભાવના રાખીએ તો યજ્ઞનું ફળ અનેકગણું વધી જાય.

'સત્યનારાયણ'ની કથા જેમણે સાંભળી છે તેઓ એ જાણે છે કે પ્રસાદની કેટલી મોટી મહત્તા છે.

**'પ્રસાદ લઈ પાવન થયા, પૂર્યા મનના કોડ;**
**ભક્તો બોલે સૌ મળી, જય-જય યજ્ઞ-રણછોડ.**

યજ્ઞમાં ઉપસ્થિત સર્વેને - વંદન - અભિનંદન - આશિષ.

**યજ્ઞરહસ્ય-૬ : યજ્ઞની સફળતા**

યજ્ઞની સફળતાનો મુખ્ય આધાર છે યજ્ઞ કરાવનાર પુરોહિત અને યજ્ઞ કરનાર યજમાન.

યજમાનમાં નિષ્ઠા, શ્રદ્ધા, ન્યાય, નીતિ વગેરે જેટલાં શુદ્ધ હોય અને પુરોહિતમાં તપ-ત્યાગ-સંયમ-નિયમ જેટલાં વધુ હોય તેટલી યજ્ઞની સફળતા વધુ સમજવી.

**યજ્ઞરહસ્ય-૭ : ઋષિ અને વિજ્ઞાની**

સ્ટીવ જોબ્સે કહ્યું કે, આઈપોડ અને આઈપેડ મેં સારા હેતુથી જ સમાજમાં મૂક્યાં છે, પણ મને ખબર છે કે આ રાક્ષસ યુવાપેઢીની આંતરિક શક્તિઓને ખતમ પણ કરી શકે છે. એટલે મેં મારાં સંતાનો માટે એનો ઉપયોગ કરવાની મનાઈ ફરમાવી છે.

બસ, જ્ઞાની અને વિજ્ઞાનીમાં આ જ, આટલો જ ફર્ક. વિજ્ઞાની નવી નવી શોધો કરવાની ધૂનના ગાંડપણના કારણે અને પછી વાહવાહ મેળવવાના પ્રલોભનોના કારણે, મહાવિનાશક શોધો કરે પણ ખરા અને તેને જાહેરમાં પણ મૂકે.

**॥ સત્યધર્મ ગુરુદેવ કી જય ॥**

જયારે જ્ઞાની ઋષિમુનિઓ વિનાશક શોધને જાહેરમાં મૂકે જ નહીં. તેઓ જાણે છે કે સામાન્ય મનુષ્યનો પોતાના મન પર કેટલો કાબૂ છે.

આ તો એવું કહેવાય કે પાંચ દિવસના ઉપવાસીને, મીઠાઈ ભરેલા ઓરડામાં પૂરીને તેને કહેવું કે, જો આમાંથી એક પણ ટુકડો ખાઈશ તો તને ફાંસીએ ચડાવીશું! આ સ્થિતિમાં ઉપવાસી તો ખાય જ. પછી કહેવું કે, ના પાડી હતી તોય મીઠાઈ ખાધી એટલે ફાંસી આપી!

પોતાની મહાન શોધને પણ, જો તે વિનાશક હોય તો જાહેરમાં ન મૂકે તે ઋષિ અને તેને પચાવી ન શકે, જાહેરમાં મૂકે તે વિજ્ઞાની.

## : રત્ન, ''રત્ન'' જ છે :

-યોગભિક્ષુ

રત્નને આપણે રત્ન કહીએ તેથી જ તે ''રત્ન'' નથી બની જતું પણ તે ''રત્ન'' છે તેથી આપણે તેને રત્ન કહીએ છીએ. પણ હા! એ ખરું કે રત્નને બીજાઓ રત્ન તરીકે ઓળખી ન શક્યા અને આપણે તેને રત્ન તરીકે ઓળખી શક્યા તેટલા આપણે ભાગ્યશાળી ખરા. રત્નને ઓળખી-પારખી શકનારાઓ પણ ''રત્ન'' તો ખરા જ. પણ રત્નને ઓળખનારા ''રત્નો''ને લોકો ઝવેરી તરીકે ઓળખે છે.

ઝવેરીના પણ અનેક પ્રકાર છે. કોઈ ઝવેરી રત્નને રત્ન તરીકે ઓળખવા ખાતર જ ઓળખે છે. તેને, રત્નને રત્ન તરીકે ઓળખીને ''રત્નને ન્યાય આપી શકાયો'' તેનો સંતોષ અને આનંદ હોય છે. યોગ્યને યથાયોગ્ય ન્યાય આપીને તેઓ કૃતકૃત્યતા અનુભવે છે; તો કોઈ ઝવેરી રત્નને રત્ન તરીકે ઓળખીને તેનાથી પોતાની શૃંગાર-લાલસા પૂર્ણ કરે છે; તો કોઈ તેને ઓળખીને તેની પૂજા-ઉપાસના કરે છે; તો કોઈ તેને પોતાના મુગટની શોભા બનાવી દે છે; તો કોઈ વળી કેવળ વેપારી-વૃત્તિથી પ્રેરાઈને ધનપ્રાપ્તિ અર્થે રત્નને ઓળખે છે. અસ્તુ.

રત્ન જયાં પણ છે ત્યાં તે રત્ન જ છે. તેને કોઈ ન ઓળખે તોપણ તે રત્ન જ છે. સમાજમાં જે રત્નો ''રત્ન'' તરીકે ઓળખાય છે તેટલાં જ માત્ર રત્નો સમાજમાં છે તેવું પણ નથી; એ સિવાય પણ સમાજમાં અનેક રત્નો છે; જે ઓળખાયા વિનાનાં જ, અપ્રગટ સ્વરૂપે જ, પોતપોતાના સ્થાનમાં નિજાનંદની મસ્તીમાં ઝૂમી રહ્યાં છે. અસ્તુ.

ઝવેરીના કારણે રત્નની કિંમત અંકાય છે કે રત્નના કારણે ઝવેરી અસ્તિત્વમાં આવે છે? રત્ન વિના ઝવેરીની કલ્પના પણ ન થઈ શકે. રત્નની અનેક વિશેષતાઓમાં એક અતિ મહત્ત્વની વિશેષતા એ છે કે તેને પોતાને તો એ ખબર જ નથી હોતી કે પોતે ''રત્ન'' છે! અસ્તુ.

યોગ્ય વ્યક્તિને પોતાના જ ગામમાં અને ગામ તરફથી ''રત્ન'' તરીકેનું સન્માન પ્રાપ્ત થાય તે, તે ગામની ગુણગ્રાહકવૃત્તિની સાબિતી છે. મહાન સંત તુલસીદાસજીએ કહ્યું છે કે –

**તુલસી વહાં ન જાઈએ, જહાં બાપકો ગાંવ;**
**દાસ ગયો, તુલસી ગયો, રહ્યો તળશીયો નામ.**

તુલસીદાસ પોતાને ઉદ્દેશીને કહે છે કે ''હે તુલસી! તું બાપના ગામમાં કદી જઈશ નહીં, કેમકે ત્યાં તને કોઈ તુલસી પણ નહીં કહે કે દાસ પણ નહીં કહે પણ અપમાનજનક અને તિરસ્કારપૂર્વક સૌ તને

**॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥**

તળશીયો કહેશે.'' તુલસીદાસજીના આવા ભયને, ''હળવદ-રત્ન-એવોર્ડ'' કાર્યક્રમે સમૂળ ભગાડી મૂક્યો છે. અસ્તુ.

ઝવેરી, રત્નને રત્ન તરીકે ઓળખે ત્યાર પછી જ જો રત્નની કિંમત અંકાવાની હોય તો એવા રત્ન બનવાનો અર્થ પણ શું? કાંઈ જ નહીં. પણ જો વડીલો, મિત્રો, સ્નેહીઓ વગેરે ''રત્ન'' તરીકે બિરદાવતા હોય તો-તો તે મહાન હર્ષનો પ્રસંગ ગણાય. આપ્તજનો અને પરિજનો તરફથી રત્ન તરીકેની બિરદાવલી થવી એ તો રત્નના મસ્તક પર થતું આશિષો અને શુભેચ્છાઓનું ગંગાઅવતરણ છે. આવું ગંગાઅવતરણ પ્રેરણા, ઉત્સાહ, આનંદ, સંતોષ વગેરેમાં અભિવૃદ્ધિ કરીને, સત્કર્મોમાં ભરતી ચડાવીને મનુષ્યને મોક્ષ સુધી પહોંચાડવામાં અત્યંત સહાયભૂત નીવડે છે.

એવોર્ડરૂપે અપાતું પ્રતીક સ્થૂળ દૃષ્ટિએ જોતાં ભલે લાખનું કે કાંખનું હોય; લોઢાનું, લાકડાનું કે તાંબા-પિત્તળનું હોય કે સોના-રૂપાનું કે માણેકમોતીનું કે બીજા કશાનું ભલે હોય તોય તે મહામૂલ્યવાન છે. કારણકે સૂક્ષ્મ દૃષ્ટિએ જોતાં તેમાં તે આપનારની હાર્દિક ભાવના, ઊર્મિ અને ઉમળકો ઓતપ્રોત થયેલો છે. પણ જો —

એવોર્ડ; દેખાદેખી, ચડસાચડસી કે વહેવારબુદ્ધિ કે વેપારવૃત્તિથી અપાયો હોય તો તે એકમાત્ર મહાન જડતા-પ્રદર્શનનું જ પ્રતીક-ચિહ્ન ગણાય અને તેથી તે આપનાર, લેનાર કે જોનાર કોઈને પણ પ્રેરણા આપી શકે નહીં કે કોઈનું પણ કલ્યાણ કરી શકે નહીં.

સાચાને સાચા એવોર્ડો આપવાનાં આયોજનો કરનાર સર્વેને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા જ છે. તેમનાં આવાં પરમ પ્રેરણાદાયી કાર્યો દ્વારા વિશ્વશાંતિનું વિરાટ કાર્ય થઈ રહ્યું છે. આવા નિષ્કામ કાર્યક્રમો અસંખ્યોને પ્રેરણાપીયૂષ પાશે અને તેથી અનંત હીરા-માણેક-મોતી અને રત્નો પાકશે. જેટલી જરૂરત અન્ન ઉગાડનાર ખેડૂતોની છે તેટલી જ જરૂરત ''રત્નો'' પકવનાર અર્થાત્ માનવતાના મૂલ્યોને પોષનાર મરજીવાઓની છે.

કહ્યું છે કે ''ભૂખ્યા ભજન ન હોય ગોપાલા.'' અન્નથી પેટ ભરાય છે તે વાત સાચી પણ સંતોષથી તો મન ભરાય છે. વિશ્વઅશાંતિનું મૂળ અસંતોષમાં ધરબાયેલું છે. સંતોષ સાચી સમજણમાં રહેલો છે અને સાચી સમજણના ધણીને જ ''રત્ન''નું બિરુદ પ્રાપ્ત થાય તે યોગ્ય લેખાય.

પતંજલિ મુનિએ કહ્યું છે કે — 'સંતોષાત અનઉત્તમ સુખલાભઃ'. અર્થાત્ સંતોષથી મોટું સુખ બીજું એકેય નથી. મનુષ્યમાત્ર દીર્ઘ સુખ - કાયમી સુખ ઇચ્છે છે, પણ તેવું સુખ શામાં છે તેની તેને ખબર નથી. શાશ્વત સુખ સંતોષમાં છે અને મેધાવી (જિનીઅસ) મહામાનવો જ શાશ્વત સુખ પ્રાપ્ત કરવામાં સહાયતા કરી શકે છે. અસ્તુ.

રત્ન કે ઝવેરી શા માટે થવાનું છે? લાડી, વાડી, ઘોડી કે ગાડી શા માટે મેળવવાની છે? માસ્ટર, ડૉક્ટર, બારિસ્ટર કે પ્રોફેસર થવાની ઇચ્છા શા માટે રાખીએ છીએ? આ બધું મેળવવા પાછળ ફક્ત સુખ - કાયમી સુખ મેળવવાની જ લાલસા છે. પણ મળે છે શું? મળે છે માત્ર દુઃખ કે ક્ષણિક સુખ જ. મૃગજળ પાછળ વર્ષો અને જન્મો સુધી દોટ મૂકતા જ રહ્યા તોય તેને ઓળખી ન શક્યા તે કેટલું મોટું દુઃખદ આશ્ચર્ય કહેવાય?!

કાયમી સુખ તો કેવળ મોક્ષ જ આપી શકે છે. જગતની કોઈપણ વિદ્યા કે સુખસગવડ; બચપન, યુવાની, બુઢાપો અને મૃત્યુને ટાળી શકતાં

**॥ સત્યધર્મ ગુરુદેવ કી જય ॥**

નથી. પતંજલિ મુનિ ઢોલ પીટીપીટીને કહે છે કે ''મહા વિદ્વાન અને મહા મૂર્ખ બંને મૃત્યુથી એકસરખા જ ડરે છે.'' મૃત્યુથી અભય થવા માટે સાચી સમજણની અતિ આવશ્યકતા છે. સાચી સમજણ ગુરુ-સંતો અને પ્રજ્ઞાવાનોના સેવન-સંપર્કથી પ્રાપ્ત થાય છે. ગુરુસંતો તો અતિ આત્મીયતાપૂર્વક અને અતિ ચુપકીદીથી સાચી સમજણ અર્થાત્ તત્ત્વજ્ઞાન આપણા હૃદયમાં ઠાલવી દે છે. અસ્તુ.

જે સુખની પ્રતિક્રિયા દુઃખ ન હોય તેવા સુખને મોક્ષ-મુક્તિ કહે છે. મોક્ષ સિવાયનાં બધાં જ સુખોની પ્રતિક્રિયા દુઃખ છે. મોક્ષ માટે પતંજલિએ ''કૈવલ્ય'' શબ્દ પ્રયોજ્યો છે. કેવળ જ આત્મા. શરીર, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, વગેરે કોઈ જ નહીં. કેવળ-ફક્ત-એકલો આત્મા જ. નિર્ભેળ આત્માનું જ અસ્તિત્વ. પંચમહાભૂતનું શરીર છે ત્યાં સુધી તેના ધર્મો બચપન, યુવાની વગેરે તો રહેવાના જ. અને ત્યાં સુધી સુખ-દુઃખ પણ રહેવાનાં જ. શરીર છે તો પાપ-પુણ્ય થવાનાં જ અને તેના ફળરૂપે સુખ-દુઃખ ભોગવવાનાં જ. એ બધાંથી છૂટી જવા માટે શરીર જ ન જોઈએ, કેવળ આત્મા - આત્મા અને આત્મા જ. સ્વપ્નમાં જેમ શરીર વિના જ બધા અનુભવો મેળવાય છે તેમ મોક્ષમાં ફક્ત આત્મસુખમાં જ નિમગ્ન રહેવાનું - રમમાણ કરવાનું છે. અસ્તુ.

પરસ્પર દેવો ભવ અર્થાત્ - પરસ્પરના સહકારથી કૈવલ્યને વરીએ. જગતમાં આ ચાર પ્રકારના જ મનુષ્યો છેઃ સુખી, દુઃખી, પુણ્યશાળી અને પાપી. સુખીઓ તરફ મિત્રતાની, દુઃખીઓ તરફ કરુણાની, પુણ્યવાનો તરફ હર્ષની અને પાપીઓ તરફ ઉદાસીનતાની ભાવના રાખવાથી ચિત્ત-પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. ચિત્ત-પ્રસન્નતાથી સંતોષ પ્રાપ્ત થાય છે અને સંતોષ, કૈવલ્ય-મોક્ષ મેળવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને મોક્ષ મેળવવાનો પ્રયત્ન જો ન થયો તો જન્મ નિષ્ફળ ગયો. તે માટે એક સરસ દૃષ્ટાંત છે –

ચાર મિત્રો હતા. જુદાં જુદાં ક્ષેત્રોના નિષ્ણાત. ચારેય સમુદ્રની સહેલ કરવા નીકળ્યા. નાવમાં બેઠા બેઠા વાતે વળગ્યા. ચારેય પોતપોતાના ક્ષેત્રની વિશેષતા સાબિત કરવા સામાની દલીલને કાપી નાખે અને કહે કે ''તમે અમુક અમુક નથી જાણતા તેથી તમારી જિંદગી પાણીમાં ગઈ.'' આ બધી વાતો નાવિક સાંભળતો હતો અને પોતાના અભણપણા માટે પસ્તાતો હતો. એવામાં જ સમુદ્રમાં તોફાન ઊપડ્યું. તેથી નાવિક ચારેય મિત્રોને પૂછે છે કે ''તમને તરતાં આવડે છે?'' ચારેય કહે ''ના.'' નાવિક કહે, ''તો, જો નાવડી ઊંધી વળી જશે તો તમારી ચારેયની જિંદગી પણ પાણીમાં જશે.'' એટલામાં જ એક તોફાની મોજાએ નાવડીને ઊંધી વાળી દીધી અને ચારેય મિત્રો પાણીમાં ડૂબી મર્યા. અને અભણ નાવિક તરીને કિનારે પહોંચી ગયો. આમ, આપણે ભલે બધું કરીએ પણ મોક્ષ મેળવવાનો પ્રયત્ન જો ન કરીએ તો આપણી બધી જિંદગી પણ પાણીમાં જ ગઈ તેમ સમજવાનું.

**''યોગ'' ભિક્ષા લાવિયો, ''ભિક્ષુ'' બની ગુરુદ્વાર;**
**મુમુક્ષુ જરૂર કાંઈ પામશે, સૌનો મુજમાં ભાગ.**

ગુરુજનોએ યોગભિક્ષુની ભિક્ષા-ઝોળી યોગભિક્ષાથી ભરી દીધી છે. યોગભિક્ષુને નિમિત્ત બનાવીને જે કાંઈ કલ્યાણકારી વહેંચાય છે તે બધું આ અક્ષય યોગભિક્ષાઝોળીના પ્રતાપે જ. ઓમ્ શાંતિઃ.

**॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥**

# આધ્યાત્મિક ગરબા

**સોહમ્-સોહમ્ ગાય**

સોહમ્ સોહમ્ ગાય, માજી તારો ગરબો સોહમ્ ગાય;
શ્વાસે-શ્વાસે જપાય, માજી તારો ગરબો સોહમ્ ગાય;
રમતો-ઘૂમતો સદાય, માજી તારો ગરબો સોહમ્ ગાય;
શરીર-ગરબામાં રૂડી, દશ-દશ ઈન્દ્રિયો,
અગિયારમું મન સોહાય. .... .... ... માજી
શરીર-ગરબામાં કેવાં, નવ-દશ દ્વાર છે!
તોય કરે પ્રાણ મુકામ! .... .... ... માજી
શરીર-ગરબામાં, કોટિ-કોટિ રોમકૂપ,
રોમે-રોમે જ્યોતો રેલાય .... .... ... માજી
ઈડા, પિંગલા ને સુષુમ્ણા નાડીનો,
ભ્રકુટીમાં સંગમ થાય .... .... ... માજી
એકવીસ હજાર ને છસો શ્વાસ લે,
બોંતેર નાડી ધબકાય.... .... ... માજી
માટીનો ગરબો તો શરીરનું પ્રતીક છે,
શરીર પંચભૂતથી ગઠાય. .... .... ... માજી
નવ માસે ગર્ભમાં શરીર બંધાય છે,
નવરાત્રી સમજો નવ માસ .... .... ... માજી
સત્કર્મોથી, પુણ્ય ભેગું કરીએ તો,
જરૂરથી સુખી થવાય. .... .... ... માજી
ભૂખ્યાં ભાંડુની, ભૂખ ભાંગીએ તો,
માતાજી બહુ રાજી થાય. .... .... ... માજી
દુખિયારા જીવો પર, દયા કરીએ તો,
નવરાત્રી સાચી ઊજવાય. .... .... ... માજી
ગરબામાં સંયમનું તેલ પૂરીએ તો,
ગરબો ઝગમગ થાય .... .... ... માજી
'યોગભિક્ષુ' સ્વછંદી જીવન જીવીએ તો,
ગરબો વહેલો નંદવાય .... .... ... માજી

**માતા ઋતમ્ભરા**

(૧) આકાશમાંથી ઊતર્યા રે માતા ઋતમ્ભરા...
(૨) ઉપાસકોને તાર્યા, રે માતા ઋતમ્ભરા...
(૩) ઊતર્યા પ્રજ્ઞાના ઓરડે, રે માતા ઋતમ્ભરા...
(૪) ભ્રમણાને બાંધી દોરડે, રે માતા ઋતમ્ભરા...
(૫) પછી મેઘામાં વસ્યા, રે માતા ઋતમ્ભરા...
(૬) રોમ-રોમના દેવતા હસ્યા, રે માતા ઋતમ્ભરા...
(૭) ઋતે તો ભૂતને ભગાડ્યા, રે માતા ઋતમ્ભરા...
(૮) વહેમોનાં તૂતને નસાડ્યા, રે માતા ઋતમ્ભરા...
(૯) પ્રેમે જે 'ઋત'ને ગાય છે, રે માતા ઋતમ્ભરા...
(૧૦) આવાગમન તેના થાય છે, રે માતા ઋતમ્ભરા...
(૧૧) 'ભિક્ષુ' કહે ઋતને વરીએ, રે માતા ઋતમ્ભરા...
(૧૨) જડતા-નદી તો તરીએ, રે માતા ઋતમ્ભરા...

- પૂજ્ય યોગભિક્ષુજી દ્વારા રચિત આધ્યાત્મિક ગરબા

# 'આજનું ભાથું'માંથી સાભાર

(ફેસબુક પોસ્ટ) - યોગભિક્ષુ

## વારસો-૧૬૬

જનોઈવાળાને ગાયત્રીમંત્ર વારસામાં મળતો હોવાથી તેને ગાયત્રીમંત્ર સાથે રક્ત-સંબંધ(બ્લડ રિલેશન) કહેવાય.

## સોનાનો મૃગ-૧૬૧

માતા સીતાજીએ જો શ્રી રામ પાસે સોનાના મૃગની માગણી ન કરી હોત તો કદાચ અનેમાતા દ્રૌપદીજીએ 'આંધળાના તો આંધળા' એવી કડવી વાણી

॥ સત્યધર્મ ગુરુદેવ કી જય ॥

ન ઉચ્ચારી હોત તો કદાચ રામાયણ અને મહાભારત ન રચાયા હોત.

### પવિત્રતા-૧૫૮

પવિત્રતાની વાતો ભલે આપણે ગમે તેટલી કરીએ પણ વિષ્ટાનું ડબલું અને પેશાબ ભરેલી કોથળી તો આપણે આપણા શરીરમાં સાથે લઈને જ બધે ખાવા-પીવામાં અને પૂજાપાઠમાં પણ નિઃસંકોચ ફરતા હોઈએ છીએ.

માણસના મૃત્યુ પછી તેનું કાંઈ કામ ન આવે જ્યારે પક્ષુપક્ષીનું બધું જ ઉપયોગમાં આવે.

### અતિસંગ્રહ ૧૬૪

જંગલમાંથી સંત પસાર થઈ રહ્યા હતાં. ત્યાં રસ્તામાં એક ડાઘિયો કૂતરો આવીને કહે મને બચાવો. મારી પાછળ પાંચ ડાઘિયા પડ્યા છે. સંત કહે હું તને બચાવી નહિ શકું. તારા મોઢામાં આ પાંચ રોટલી છે તે એક બાજુ મુકી દે એટલે બચી જઇશ. તે ડાઘિયા તારી પાછળ નહિ પણ રોટલી પાછળ પડ્યા છે. કુતરો સંતના કહેવા મુજબ એક બાજુ બેસી ગયો. તેની પાછળ આવતા બધાં ડાઘિયા રોટલી પર ટૂટી પડ્યા અને અંદરોઅંદર લડી મર્યા.

સાર : નાના નાના ઝઘડાથી માંડી મહાયુદ્ધો પણ અતિસંગ્રહના કારણે થતાં હોય છે.

### ગુરુબનાવે-૧૫૧

ગુરુપૂર્ણિમા એટલે જે શિષ્યમાંથી ગુરુ બનાવે, જે લઘુમાંથી ગુરુ બનાવે, જે અજ્ઞાનીમાંથી જ્ઞાની બનાવે તે, ભ્રમણાઓમાંથી જે સાચી સમજણમાં સ્થિર કરે તે, ''હું કહુ તે જ સાચું, બીજા બધાનું સાવ ખોટું.''માંથી પૂર્ણપણે મુક્ત કરાવે તે પૂર્ણિમાની સાચી ઉજવણી.

જય-વિજય હો ગુરુપૂર્ણિમાનો અને તેને ઉજવનારાનો.

### થપ્પડો-૧૬૫

બીજો જન્મ લઇને શું કરીશું ? સુખ-દુઃખના તોફાનોની થપ્પડો ખમીશું બીજુ શું ?

### સદ્ઉપયોગ-૧૬૩

મૂત્ર વિષ્યા આદિ ગંદકીથી ભરેલું આ પંચભૂતાત્મકર શરીર જો આખરે મિટ્ટી મેં મિલ જાના હોગા' જ થવાનું હોય તો, તેનો સત્કર્મોમાં સત્ઉપયોગ કેમ ન કરી લેવો ? જો ન કરીએ તો મનુષ્ય જન્મ નિષ્ફળ ગયો, તો બુદ્ધિનું દેવાળું કાઢ્યું ગણાય.

### અસંગ્રહ-૧૬૨

**સાંઈ ઉતના દીજીએ, જામેં કુટુંબ સમાય,**
**મૈં ભી ભૂખા ન રહૂ, સાધુ ન ભૂખા જાય.**

જો, વ્યક્તિ રાજ્ય રાષ્ટ્ર અને દેશ વગેરે સમતોલ-સંગ્રહ નિતી અપનાવે તો સફળ થાય.

### શિષ્ય-૧૫૬

ગુરુ પૂનમ એ ખરેખર તો શિષ્ય પૂનમ છે. કેમકે તે દિવસે તે ખૂબ કલ્યાણકારી સામગ્રી પ્રાપ્ત કરે છે.

ગુરુદેવની શેષ રહેલી દિવ્ય સામગ્રી જેનામાં શેષ રહે તે શિષ્ય.

શિષ્ય જ્યાં સુધી શિષ્ય રહે છે ત્યાં સુધી તે દિવ્ય ભાથુ મેળવતો જ રહે છે.

જય-વિજય હો શિષ્ય - ગુરુદેવ કી.

**ચિંતન કરશે જે જેવું, આચરણ કરશે તે તેવું;**
**આચરણ કરશે જે જેવું, સુખ-દુઃખ ભોગવશે તે તેવું.**

- યોગભિક્ષુ

**॥ સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય ॥**

ओश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




( समाधिपाद के सूत्रों का भावानुवाद )

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है ऐसा पुरुषविशेष/चेतनविशेष ओश्वर है।

(२५) ओश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) ओश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म-मृत्यु से) पर है।

(२७) ओश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

---

## ● ટ્રસ્ટના ઉદ્દેશો

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્–ॐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવાનો પ્રયત્ન કરવો. (૨) 'યોગ'નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે સાહિત્ય દ્વારા આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય–બહુજનસુખાય'ને લગતાં કાર્યો, જેવાં કે, કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

● પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજશ્રી સાથેનાં પ્રેરક પ્રસંગો - સંસ્મરણો સંક્ષિપ્તમાં આવકાર્ય છે.
● "ઓમ્ પરિવાર"ની કલ્યાણકારી પ્રવૃત્તિઓ વિશેની માહિતી પણ સંક્ષિપ્તમાં આવકાર્ય છે.

નોંધ : જગ્યા-મર્યાદાને કારણે અન્ય કૃતિ-સામગ્રી સ્વીકારી શકાતી નથી.

- ઋતમ્ભરા સંપાદન સમિતિ

**લવાજમદર :**

| | | |
|---|---|---|
| ત્રિવાર્ષિક સભ્ય (ભારતમાં) ... | ₹ | ૧૦૦-૦૦ |
| આજીવન સભ્ય (ભારતમાં) ... | ₹ | ૫૦૦-૦૦ |
| ત્રિવાર્ષિક સભ્ય (પરદેશમાં) ... | $ | ૫૦-૦૦ |
| આજીવન સભ્ય (પરદેશમાં) ... | $ | ૧૫૦-૦૦ |

**લવાજમ મોકલવાનું કે રુતમ્ભરાને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :**

*ડૉ. સોમાભાઈ એ. પટેલ (ડૉ. સ.સ. ભિક્ષુ)*
૩/બ, પલિયડનગર, દર્પણ સર્કલ પાસે,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
☎ ૦૭૯ ૨૭૯૧૧૧૯૫ ૯૮૨૫૪૪૩૬૪૨

**સૂચના :-**

(૧) લવાજમ ચેક, ડ્રાફ્ટ અથવા મનીઓર્ડર દ્વારા "ઓમ્ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ" ના નામે મોકલવું. સાથે આપનું પૂરુ નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવાં.

(૨) જે સભ્યના રહેઠાણનું રુતમ્ભરા અંક મોકલવાનું સ્થળ બદલાયું હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરુ સરનામું L.M. નંબર સાથે લખી મોકલવું, જેથી વ્યવસ્થાપકો દ્વારા અંક મોકલવામાં સરળતા રહે.

Registrar of News Papers of India
under Regd. No. 48770/90
L-5/131/QTY./34/90-91
**Published on Every 3 Months**

**આદ્ય સંસ્થાપક તથા આધ્યાત્મિક વડા**
**પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી**

PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for

**AUMGURU PREMSAMARAPANDHYANBHIKSHU PARIVAR TRUST**

(Reg. No. E/4416 Date 11-5-81)

**From** : 3/B, Paliadnagar Society,
Naranpura, Ahmedabad-13

**Printed at** : Shardul Printing Press

**Hon. Editor** : Minish Patel

I.T.Exe. DIT (E)/80G(5) / 252 / 2008-09

To,

Web : www.yogabhikshu.org
E-mail : aumparivar@yahoo.com

Facebook : yogabhikshu.aumparivar
Playstore App. : Guru Vatsalya